વર્ષ ૨૦૨૫-૨૬ માટે વિકસતી જાતિ કલ્યાણ હસ્તકના નિગમને સીધા ધિરાણ યોજના અંતર્ગત ચોથા હપ્તા પેટેની કુલ રૂ.૪૭.૦૦ કરોડની ગ્રાન્ટ ફાળવવા બાબત.

ગુજરાત સરકાર
સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ
**ઠરાવ ક્રમાંક: SJED/MSM/e-file/17/2024/2082/A-1**
સચિવાલય, ગાંધીનગર.
**તા.ઈ-સાઈન મુજબ.**

**વંચાણમાં લીધા:-**

(૧) આ વિભાગનો તા.૦૨/૦૫/૨૦૨૫નો સમાનાંકી ઠરાવ.

(૨) આ વિભાગનો તા.૧૭/૦૭/૨૦૨૫નો સમાનાંકી ઠરાવ.

(૩) આ વિભાગનો તા.૩૦/૦૮/૨૦૨૫નો સમાનાંકી ઠરાવ.

(૪) આ વિભાગનો તા.૦૮/૧૨/૨૦૨૫નો સમાનાંકી ઠરાવ.

(૫) આ વિભાગનો તા.૨૬/૧૧/૨૦૨૫નો ઠરાવ ક્રમાંક:SJED/MSM/e-file/17/2024/2082/A-1 Section-PF1.

(૪) નિયામકશ્રી, વિકસતિ જાતિ કલ્યાણનો તા.૧૭/૦૧/૨૦૨૬નો પત્ર ક્રમાંક:-DDCW/0053/01/2026.

**આમુખ:-**

આ વિભાગના વંચાણે લીધેલ ક્રમાંક (૧) પરના વિભાગના તા.૦૨/૦૫/૨૦૨૫ના ઠરાવથી વિકસતી જાતિ કલ્યાણ પ્રભાગ હેઠળના પાંચ નિગમોને સીધા ધિરાણ યોજના અંતર્ગત લોન આપવા અંગેની આ વિભાગના વર્ષ ૨૦૨૫-૨૬ના અંદાજપત્રમાં રૂ.૨૦૦.૦૦ કરોડની નવી બાબતને વહીવટી મંજૂરી આપવામાં આવેલ છે. જે અન્વયે વિકસતી જાતિ કલ્યાણ હસ્તકના નિગમોને સીધા ધિરાણ યોજના અંતર્ગત લોન આપવા માટે વર્ષ ૨૦૨૫-૨૬ના અંદાજપત્રમાં થયેલ રૂ.૨૦૦.૦૦ કરોડની બજેટ જોગવાઈ પૈકી ઉક્ત વંચાણે લીધેલ ક્રમાંક (૨) પરના ઠરાવથી પ્રથમ હપ્તા પેટે ૨૫% મુજબ કુલ રૂ.૫૦.૦૦ કરોડની ગ્રાન્ટ અને ઉક્ત વંચાણે લીધેલ ક્રમાંક (૩) પરના ઠરાવથી બીજા હપ્તા પેટે ૨૫% મુજબ કુલ રૂ.૫૦.૦૦ કરોડની ગ્રાન્ટ અને ઉક્ત વંચાણે લીધેલ ક્રમાંક (૪) પરના ઠરાવથી ત્રીજા હપ્તા પેટે ૨૫% મુજબ કુલ રૂ.૪૭.૦૦ કરોડની ગ્રાન્ટ સંબંધિત નિગમોના હવાલે મૂકવાની મંજૂરી આપવા આવેલ છે. અને ઉક્ત વંચાણે લીધેલ ક્રમાંક (૫) પરના ઠરાવથી વિકસતી જાતિ કલ્યાણ પ્રભાગ હસ્તકના ગુજરાત વિચરતી અને વિમુક્ત જાતિ વિકાસ નિગમને કુલ રૂ.૧૨ કરોડની ગ્રાંટ પૈકી ત્રીજા અને ચોથા હપ્તા પેટે રૂ.૬ કરોડની ગ્રાંટ ફાળવવા નિયામકશ્રી વિકસતી જાતિ કલ્યાણને મંજુરી આપેલ છે. ઉક્ત વંચાણે લીધેલ ક્રમાંક (૫) પરના પત્રથી વિકસતી જાતિ કલ્યાણ હસ્તકના નિગમોને સીધા ધિરાણ યોજના અંતર્ગત લોન આપવા માટે વર્ષ ૨૦૨૫-૨૬ના અંદાજપત્રમાં થયેલ રૂ.૨૦૦.૦૦ કરોડની બજેટ જોગવાઈ પૈકી ચોથા હપ્તા પેટે ૨૫% મુજબ કુલ રૂ.૪૭.૦૦ કરોડની ગ્રાન્ટ સંબંધિત નિગમોના હવાલે મૂકવાની મંજૂરી આપવા દરખાસ્ત કરેલ હતી. જે બાબત સરકારશ્રીના વિચારણા હેઠળ હતી.

**ઠરાવ:-**

પુખ્ત વિચારણાના અંતે, વિકસતી જાતિ કલ્યાણ હસ્તકના નિગમોને સીધા ધિરાણ યોજના અંતર્ગત વર્ષ ૨૦૨૫-૨૬ના અંદાજપત્રમાં સમાવિષ્ટ રૂ.૨૦૦.૦૦ કરોડની બજેટ જોગવાઈ પૈકી નીચેના પત્રકમાં દર્શાવ્યા મુજબ ચોથા હપ્તા પેટે ૨૫% મુજબ રૂ.૪૭.૦૦ કરોડની ગ્રાન્ટ સંબંધિત નિગમોના હવાલે મૂકવા નીચેની શરતોને આધીન નિયામકશ્રી વિકસતી જાતિ કલ્યાણને આથી મંજૂરી આપવા આપવામાં આવે છે.

| ક્રમ | નિગમનું નામ | યોજના | હપ્તો | જોગવાઈ(રૂ.કરોડમાં) | રકમ (૨૫% લેખે) (રૂ.કરોડમાં) |
|---|---|---|---|---|---|
| ૧ | ગુજરાત અલ્પ સંખ્યક નાણાં અને વિકાસ નિગમ | સીધા ધિરાણ | ચોથો | ૧૫.૦૦ | ૩.૭૫ |
| ૨ | ગુજરાત પછાત વર્ગ વિકાસ નિગમ | સીધા ધિરાણ | ચોથો | ૪૮.૦૦ | ૧૨.૦૦ |
| ૩ | ગુજરાત ઠાકોર અને કોળી વિકાસ નિગમ | સીધા ધિરાણ | ચોથો | ૧૦૦.૦૦ | ૨૫.૦૦ |
| ૪ | ગુજરાત ગોપાલક વિકાસ નિગમ | સીધા ધિરાણ | ચોથો | ૨૫.૦૦ | ૬.૨૫ |
| | | | કુલ | ૧૮૮.૦૦ | ૪૭.૦૦ |

**શરતો:**

1. તમામ નિગમોએ વર્ષ ૨૦૨૫-૨૬ સુધીના હિસાબો પૂર્ણ કરી અદ્યતન વિગતો પ્રૂફ સિસ્ટમમાં અપલોડ કરવાની રહેશે.
2. આ ગ્રાન્ટ નિયામકશ્રી, વિકસતી જાતિ કલ્યાણ, ગાંધીનગરે તાત્કાલિક સંબંધિત નિગમોના હવાલે મુકવાની રહેશે અને તેની જાણ વિભાગને કરવાની રહેશે.
3. સદરહુ યોજનાની મંજૂરી સમયે રજૂ કરવામાં આવેલ પરિશિષ્ટમાં દર્શાવેલ સંપૂર્ણ વિગતોનુ ચુસ્તપણે પાલન કરવાનું રહેશે.
4. આ યોજના હેઠ્ળ નિયત થયેલ લાભાર્થીઓની મર્યાદામાં જ તેમજ અંદાજપત્રિય જોગવાઈની મર્યાદામાં જ સહાય ચુકવવાની રહેશે. કોઈપણ સંજોગોમાં આ યોજના હેઠળ નિયત નાણાકિય મર્યાદા અને લાભાર્થીની સંખ્યા વધે નહી તે મુજબનું આયોજન કરવાની તકેદારી રાખવાની રહેશે.
5. ઓનલાઇન અરજીનું કરવાનું અને મંજૂરી આપવાનું પ્રાવધાન રાખવાનું રહેશે.
6. સાધન અથવા કીટ આપવાના કિસ્સામાં ખરીદી ગવર્નમેન્ટ ઈ-માર્કેટપ્લેસ (GeM) પોર્ટલ મારફતે કરવા તેમજ ખરીદ પદ્ધતિ મુજબની ખરીદી માટેની સૂચનાઓનું ચુસ્તપણે પાલન કરવાનું રહેશે તથા તે મુજબ ખરીદી કરવાની રહેશે. પરંતુ જે વસ્તુઓ GeM પોર્ટલ પર ઉપલબ્ધ ન હોય એવી વસ્તુની ખરીદી માટે ઉદ્યોગ અને ખાણ વિભાગના તા.૦૧/૧૦/૨૦૧૮ના ઠરાવ મુજબ ઉદ્યોગ અને ખાણ વિભાગ પાસેથી ના-વાંધા પ્રમાણપત્ર (No Objection Certificate) મેળવ્યા પછી જ ખરીદી કરવાની રહેશે. ત્યારબાદ વખતોવખત થયેલ સુધારાઓનું ચુસ્તપણે પાલન કરવાનું રહેશે. સાધન/કીટની ગુણવત્તા સુનિશ્ચિત કરવાની રહેશે.
7. નાણાકિય સહાય માટે નિયત કરેલ સમયાંતરે DBT પધ્ધતિથી /DBT Portal /C.M Dash Board અપનાવવાનું રહેશે.
8. યોજનાના મોનીટરીંગની યોગ્ય વ્યવસ્થા કરવાની રહેશે.
9. Social Audit અને Third Party Verification પણ સમયાંતરે કરાવી સરકારશ્રીને રજૂ કરવાનું રહેશે.
10. આ અંગેનું ખર્ચ રાજ્ય સરકારના સ્થાયી તેમજ વખતો-વખત લાગુ પડતા ઠરાવો/પરિપત્રો અને નિયમોની જોગવાઈઓ મુજબ નિયત પધ્ધતિથી કરવાનું રહેશે.
11. પ્રવર્તમાન યોજનાઓના નોર્મ્સ અને સહાયની રકમોમાં જે ફેરફાર કરવાનો થતો હોય તે અંગે રાજ્ય સરકારના આદેશો મેળવી લેવાના રહેશે.
12. સને ૨૦૨૫-૨૬ના વર્ષની બજેટ જોગવાઇને આધીન રહીને નાણાં વિભાગ દ્વારા વખતોવખત ફાળવવામાં આવતી ગ્રાન્ટની મર્યાદામાં ખર્ચ કરવાનો રહેશે.
13. પ્રસ્તુત કામ માટે પ્રવર્તમાન નિયમોને આધિન ચાલુ તથા આગામી નાણાકીય વર્ષમાં પર્યાપ્ત અંદાજપત્રીય જોગવાઈ કરાવી લેવાની રહેશે.
14. આ મંજૂરી અંગે કરવાના થતા ખર્ચ અંગે નાણાકીય ઔચિત્યના સિદ્ધાંતોનો અમલ કરવાનો રહેશે.
15. આ મંજૂરી અન્વયે ફાળવેલ ગ્રાન્ટનો અન્ય હેતુ માટે ઉપયોગ કરી શકાશે નહી. બચત રહેતી રકમ વર્ષ આખરે સરન્ડર કરવાની રહેશે.
16. અંદાજ સમિતિની ભલામણ અનુસાર રાજ્ય વિધાનમંડળ દ્વારા કોઇ નવી સેવા અથવા સેવાના નવા સાધન માટે અંદાજપત્રમાં માંગણી મંજૂર કરવામાં આવી હોય અને એ બાબતે બે વર્ષ સુધી કોઇ ખર્ચ કરવામાં આવ્યુ ન હોય, તો પછી વિધાનમંડળની મંજૂરી રદ્દ થઇ ગયેલ સમજવી. ત્યારબાદ જો તે બાબત પર ખર્ચ કરવાનુ આવશ્યક બને તો નવેસરથી વિધાનમંડળની મંજૂરી મેળવવાની રહેશે.
17. આ મંજૂરી અન્વયે કરવાની થતી ખરીદી અંગે રાજ્ય સરકારની પ્રવર્તમાન ખરીદનીતિની જોગવાઈઓનું ચૂસ્તપણે પાલન કરવાનું રહેશે.
18. આઈ.ટી. સબંધિત તમામ બાબતો અંગે સાયન્સ એન્ડ ટેકનોલોજી વિભાગની વખતો-વખતની સૂચનાઓનું ચૂસ્તપણે પાલન કરવાનું રહેશે.
19. યોજનાકીય મેનપાવરની મર્યાદામાં જ ખર્ચ કરવાનો રહેશે.
20. ઉપર્યુક્ત મંજૂર કરવામાં આવેલ ગ્રાન્ટ જે હેતુ માટે છૂટી કરવામાં આવે છે તે હેતુ સિવાયના અન્ય હેતુ માટે સરકારશ્રીની પૂર્વમંજૂરી સિવાય ખર્ચ કરી શકાશે નહીં. આ અગાઉ તેમજ આ ઠરાવથી છૂટી કરવામાં આવેલ વહીવટી ગ્રાન્ટની રકમમાંથી કરવામાં આવેલ ખર્ચની વિગતો તાત્કાલિક વિભાગને રજૂ કરવાની રહેશે.
21. આ અંગેનું ખર્ચ સરકારશ્રી દ્વારા વખતોવખત નકકી કરવામાં આવેલ જોગવાઈઓ અને લાગુ પડતા ધારાધોરણોને આધીન નિયત પધ્ધતિથી કરવાનું રહેશે તેમજ વર્ષના અંતે બચત રહેતી રકમ સરન્ડર કરવાની રહેશે.
22. નવી સેવાઓના સંદર્ભમાં નાણાં સલાહકારશ્રી/નાણાં વિભાગની મંજૂરી મળ્યા બાદ જ ખર્ચ કરવાનો રહેશે.
23. હવે પછીની મળવાપાત્ર ગ્રાન્ટ માંગતા પહેલાં આ ઠરાવથી છુટી કરાયેલ ગ્રાન્ટનાહિસાબો, ઓડીટ અહેવાલો તથા વિધાનસભા ગૃહના મેજ પર મુકેલ અહેવાલો અંગેની અદ્યતન વિગતો સાથે દરખાસ્ત કરવાની રહેશે.

<u>**સદરની વિગત:-**</u>

| | |
|---|---|
| નાણાકીય વર્ષ | ૨૦૨૫-૨૬ |
| માંગણી ક્રમાંક | ૯૨ |
| મુખ્ય સદર | ૬૨૨૫- અનુસૂચિત જાતિઓ, અનુસૂચિત આદિજાતિઓ, અન્ય પછાત વર્ગ અને લઘુમતિઓના કલ્યાણ માટે લોન |
| પેટા મુખ્ય સદર | ૦૩-પછાત વર્ગોનું કલ્યાણ |
| ગૌણ સદર | ૧૯૦-જાહેર સાહસો અને અન્ય ઉપક્રમોને લોન |
| પેટા સદર | ૦૪-નિગમોને સ્વરોજગારલક્ષી અને શૈક્ષણિક યોજનાઓ માટે ધિરાણ |
| વિગતવાર સદર | લોન અને પેશગીઓ |

આ ઠરાવ વિભાગની સમાનાંકી ફાઈલ પર નાણા વિભાગની તા.૧૮/૦૩/૨૦૨૬ની નોંધથી મળેલ મંજૂરી અન્વયે બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

e-SD/-
**(દેવ્યાની ઝાલા)**
સેક્શન અધિકારી
સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ

**નકલ રવાના:**

1. માન.મંત્રીશ્રી (સા.ન્યા)ના અંગત સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ-૧, સચિવાલય, ગાંધીનગર.
2. માન.રા.ક.મંત્રીશ્રી (સા.ન્યા.)ના અંગત સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ-૨, સચિવાલય, ગાંધીનગર.
3. અગ્ર સચિવશ્રી (ના.વિ.)નાં અંગત મદદનીશશ્રી, નાણાં વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
4. અગ્ર સચિવશ્રી(સા.ન્યા.)ના અંગત મદદનીશશ્રી, સા.ન્યા અને અ.વિ., સચિવાલય, ગાંધીનગર.
5. સચિવશ્રી (ખર્ચ)ના અંગત મદદનીશશ્રી, નાણાં વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
6. સચિવશ્રી (આ.બા.)ના અંગત મદદનીશશ્રી, નાણાં વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
7. નાણાં સલાહકારશ્રી (સા.ન્યા.), સચિવાલય, ગાંધીનગર.
8. નિયામકશ્રી, વિકસતિ જાતિ કલ્યાણ, ડૉ. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.
9. મેનજીંગ ડિરેક્ટરશ્રી, ગુજરાત પછાત વર્ગ વિકાસ નિગમ.
10. મેનજીંગ ડિરેક્ટરશ્રી, ગુજરાત અલ્પ સંખ્યક નાણાં અને વિકાસ નિગમ.
11. મેનજીંગ ડિરેક્ટરશ્રી, ગુજરાત ગોપાલક વિકાસ નિગમ.
12. મેનજીંગ ડિરેક્ટરશ્રી, ગુજરાત ઠાકોર અને કોળી વિકાસ નિગમ.
13. એકાઉન્ટન્ટ જનરલશ્રી, અમદાવાદ/રાજકોટ.
14. પગાર અને હિસાબી અધિકારીશ્રી, ગાંધીનગર.
15. તિજોરી અધિકારીશ્રી, ગાંધીનગર.
16. નિવાસી ઓડિટ અધિકારીશ્રી, ગાંધીનગર.
17. સેક્શન અધિકારીશ્રી, બજેટ શાખા, સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
18. સેક્શન અધિકારીશ્રી, કોમ્પ્યુટર સેલ શાખા, સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ, સચિવાલય, ગાંધીનગર.(વિભાગની વેબસાઇટ ઉપર મૂકવાની વિનંતીસહ).
19. સિલેક્ટ ફાઇલ - ૨૦૨૬.

Signature Not Verified

Signed by:Devyani Zala
Section Officer
Date:2026.03.23
11:47:05 +5:30


Open the document in Adobe Acrobat DC to verify the E-sign